કચ્છ કેળવણી ખાતા માટે

કચ્છી મુખગણિત,

ભાગ ૨ જો,

ધોરણ ૪ થા અને ૫ મા માટે,

રચનાર-ઉસમાન બચલ.

કિંમત કોરી ૦।–.

પદ-પ્રભાત.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જુજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઇ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એજ આશે.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન હોય;
ઘાટ ઘડીઆ પછી નામ રૂપ જુજવાં, અંત તો હેમનું હેમ હોય.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એજ ભાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના, પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે.

પદ.

વીસરૂં નહિ પ્રભુ નામ, કદી હું વીસરૂં નહિ પ્રભુ નામ. ટેક.
ચંદ્ર સુરજ ને અગણિત તારા, કર્યા ઉજાસને કામ. કદી હું૦ ૧.
બહુ ઉપયોગી આપી હવા તેં, એસે નહિ કંઇ દામ. કદી હું૦ ૨.
અન્ન દીઓ છો વરસાદેથી, પાળો જીવ તમામ. કદી હું૦ ૩.
ગાય ભેંસોને દૂધ દહીં દેવા, સરજાવી સૌ ઠામ. કદી હું૦ ૪.
ઝાડ પાન ફળ ફૂલ બનાવ્યાં, આંબો ગુલાબ બદામ. કદી હું૦ ૫.
દયા કરી સેવકને આપો, બહુ વિદ્યા સુખ ધામ. કદી હું૦ ૬.

કચ્છ કેળવણી ખાતા માટે,
કચ્છના મહે. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબના
સં. ૧૯૭૧ ના વૈશાખ સુદ ૮ શનિના સરક્યુલર નં. ૮ અનુસાર,

કચ્છી મુખગણિત,

ભાગ ૨ જો.

ધોરણ ૪ થા અને ૫ મા માટે.

રચનાર

ઉસમાન બચલ,

આક્ટિંગ સુપરિન્ટેન્ડેન્ટ, કાઠિઆવાડ બાર્ટન ફીમેલ
ટ્રેનિંગ કૉલેજ—રાજકોટ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

લક્ષ્મીચંદ ઉત્તમચંદની કંપની તરફથી

ભોગીલાલ જગજીવન.

બુકસેલર, પુરા બજાર, રાજકોટ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૨૦૦૦.

સન ૧૯૧૫. સંવત ૧૯૭૧.

કિંમત કોરી ૦।-.

અમદાવાદ—પીરમશા રોડ ઉપર નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં
લલ્લુભાઇ ઇશ્વરભાઇએ છાપ્યું.

પ્રસ્તાવના.

સને ૧૯૧૪ ની સાલમાં જ્યારથી નામદાર મુંબઇ સરકારે પ્રાથમિક શાળાઓને માટે નવાં ધોરણો બહાર પાડયાં, ત્યારથી મુખગણિતનો આ નવો શબ્દ પરિચિત થવા લાગ્યો છે. અગાઉ ચાલતાં દેશી હિસાબનાં લેખાં અને આ મુખગણિતનાં લેખાં એ એકજ છે, પણ મુખગણિતને લીધે શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર થઇ ગયો છે. અગાઉના દેશી હિસાબમાં એકજ જાતનાં પરિણામોની કુંચીઓ એક સાથે આપવામાં આવેલી, તેને બદલે આ મુખગણિતમાં એક જાતનાં પરિણામોની કુંચીઓ એકજ ઠેકાણે ન આપતાં જુદા જુદા ગુણોત્તર નીચે પૃથક્ પૃથક્ આપવામાં આવેલી છે. તમે જો બજારમાં સોનું ખરીદવા જાઓ તો તેને માટેની લેખાં ગણવાની તમામ કુંચીઓ તમને માત્ર ગદિઆણાની કુંચીઓના પેટામાંથી મળી આવતી, તે હવે આ મુખગણિતમાં વાલ માટેની કુંચી ૧૬ ના ગુણોત્તરમાંથી અને રતી માટેની કુંચી ૪૮ ના ગુણોત્તરમાંથી તમારે ચૂંટી કાઢવી જોઇએ.

જેમ પાંતીના હિસાબમાં $\frac{૧}{૨}$, $\frac{૧}{૩}$, $\frac{૧}{૪}$, $\frac{૧}{૫}$, $\frac{૧}{૬}$, ઈ. પાંતીઓ પાડી દાખલો ગણવામાં આવે છે, તેમ ધો. ૪ થા અને ૫ મા માટે કુલ જે ૧૮ જાતનાં ગુણોત્તરો ઠરાવ્યાં છે, તે ૧૮ જાતની પાંતીજ છે, એમ સમજવું; જેમ, ૧૨ ના ગુણોત્તરમાં $\frac{૧}{૧૨}$ ની પાંતી, ૨૦ ના ગુણોત્તરમાં $\frac{૧}{૨૦}$ ની ઇત્યાદિ પાંતીઓજ છે, એમ જાણવું. આ ૧૮ પાંતીઓ ઉપરાંત બીજી પાંતીઓ પણ વિદ્યાર્થીઓ બેસાડતાં શીખે તો ઘણો લાભ થાય, માટે કેટલેક ઠેકાણે અને તેમાં પણ ખાસ કરીને પાંચમા ધોરણના પરચુરણ દાખલામાં પાંતીથી લેખું બેસી જાય, એવા દાખલા આપ્યા છે.

કાઠિઆવાડ બાર્ટન ફીમેલ ટ્રેનિંગ કૉલેજ,
રાજકોટ, તા. ૧-૧૦-૧૫

ઉસમાન બચલ,
કર્તા.

અનુક્રમણિકા.

કચ્છી મુખગણિત,

ભાગ ૨ જો.

ધોરણ ૪ થું.

ધોરણઃ—મુખગણિત—નીચેનાં ગુણોત્તરોનો ઉપયોગ થાય એવા પ્રશ્નોઃ— ૧૨, ૨૦, ૨૪, ૩૦, ૪૦, ૪૮ ૯૬, ૧૦૦, ૧૨૦, અને ૩૬૦.

કોષ્ટકો.

૧. કચ્છી ચલણનાં હિસાબી કોષ્ટકો.

(૧)

૧૬ વીસવાસી=૧ બદામ.
૧૬ બદામ = ૧ દોકડો.
૨૪ દોકડા = ૧ કોરી.

(૨)

૮॥ ત્રાંબીઓ લગભગ = ૧ રેસ.
૧૦૦ રેસ = ૧ કોરી.

(૩)

૧૦૦ ફોકડા = ૧ દોકડો.
૨૪ દોકડા = ૧ કોરી.

૨. જમીનનાં માપનાં કોષ્ટકો.

(૧) લંબાઇનું માપ.

૨૦ ઇંચ (તસુ) = ૧ હાથ.
૧૦૦ હાથ = ૧ દોરી.

૧૦૦ હાથ લાંબી અને
૧૦૦ પહોળી જમીનને
વીઘો કહે છે.

---

(૨) જમીનનું ચોરસ માપ.

૧૦૦૦૦ ચોરસ હાથ = ૧ વીઘો.
૨૪ વીઘા = ૧ પરાજું.
૪ પરાજાં = ૧ સાંતી.

---

(૩) અંગ્રેજી અંતર માપવાનું.

૧૨ ઇંચ = ૧ ફુટ.
૫૨૮૦ ફુટ = ૧ માઇલ.

---

(૪) અંગ્રેજી અંતર માપવાનું બીજી રીતે.

૧૨ ઇંચ = ૧ ફુટ.
૩ ફુટ = ૧ વાર. (યાર્ડ.)
૧૭૬૦ વાર = ૧ માઇલ.

---

૩. ગોળ લાકડાંના માપનુ કોષ્ટક.

૨૦ વીસવાસી =૧ વસો.
૨૦ વસા = ૧ ગજ.

---

૪. કાગળનું કોષ્ટક.

૨૪ તાવ = ૧ ધા.
૨૦ ધા = ૧ રોમ.

---

૫. ગણત્રીનાં કોષ્ટકો.

(૧)

૧૨ નંગ = ૧ ડઝન.
૧૨ ડઝન = ૧ ગ્રોસ.

(૨)

૧૦ નંગ = ૧ દશકો.
૨૦ નંગ = ૧ કોડી.
૧૦૦ નંગ = ૧ સેંકડો.
૧૦૦૦ નંગ = ૧ હજાર.

(૩)

૧૦ નંગ = ૧ દશકો.
૧૦ દશકા = ૧ સેંકડો.
૧૦ સેંકડા = ૧ હજાર.

ચોથા ધોરણમાં શીખવવાની કેટલીક પરચુરણ બાબતો.

૧. કોરી સાથે દોકડા લખવાની રીત.

૧. કો. ૫ાા૪, સાડી પાંચ કોરી ચાર દોકડા.

૨. કો. ૭)૧ાા, સાત કોરી દોઢ દોકડો.

૩. કો. ૩ાાા૪ાા, પોણીચાર કોરી, સાડાચાર દોકડા.

૪. કો. ૦)૧, એક દોકડો.

૫. કો. ૧૦)૦ાા, દશ કોરી, અર્ધો દોકડો.

જ્યાં કોરી કે દોકડાનો આંકડો ન હોય ત્યાં મીંડું અને પાણો ન હોય, ત્યાં અળાયો કરવો.

૨. કોરી સાથે ઢીંગલા હોય તો ઢીંગલાના દોકડા કરી તે ઉપર પ્રમાણે લખવા; છતાં ઢીંગલાજ લખી બતાવવા હોય તો તે નીચે પ્રમાણે લખી બતાવવા. ઢીંગલાને (કોરીનો) આનો પણ કહે છે.

૧. કો. ૫ાા= સાડી પાંચ કોરી, બે ઢીંગલા.

૨. કો. ૧૦૭ાા ≡ાા એકસો સાડીસાત કોરી, સાડાત્રણ ઢીંગલા.

૩. કો. ૨૧૫ાાા≡ાા બસો પોણી સોળ કોરી, પોણા ચાર ઢીંગલા.

૪. કો. ૯ા− સવા નવ કોરી, સવા ઢીંગલો.

૫. કો. ૨૯ાાા૦ાા પોણીત્રીશ કોરી, અર્ધો ઢીંગલો.

૩. શેર સાથે દોકડાભાર અથવા અધેળ લખવાની રીત:—

૧. શે. ૩૫ાાા૮ પોણી છત્રીશ શેર, આઠ દોકડાભાર.

૨. શે. ૧૮)૧ાા અઢાર શેર, દોઢ દોકડાભાર.

૩. શે. ૩॥।૯ પોણુાચાર શેર, નવ દોકડાભાર.

૪. શે. ૧૮૫॥=॥ એક સો સવાપંચાશી શેર, અઢી અધોળ.

૫. શે. ૨૨॥~)૧ સાડી બાવીશ શેર, એક અધોળ ને એક દોકડાભાર.

૬. શે. ૧૦)≡)૧॥ દશ શેર, ત્રણ અધોળ ને દોઢ દોકડાભાર.

૪. મણુ સાથે શેર લખવાની રીત:—

૧. મ. ૩૮।૪॥૪ સવા આડત્રીશ મણુ, સાડાચાર શેર ને ચાર દોકડાભાર.

૨. મ. ૬૫)૮)૩ પાંસઠ મણુ, આઠ શેર ને ત્રણ દોકડાભાર.

૩. મ. ૭૨॥૮)૯ સાડી બોતેર મણુ, આઠ શેર ને નવ દોકડાભાર.

૪. મ. ૯૩)૮।॥૧ ત્રાણું મણુ, પોણુા નવ શેર ને એક દોકડાભાર.

૫. મ. ૦)૫॥॥=॥ પોણુા ૭ શેર ને અઢી અધોળ.

૬. મ. ૭૫॥= સવા સાત મણુ, સાડા પાંચ શેર ને નવટાંક.

સરવાળા, બાદબાકી, ગુણાકાર ને ભાગાકારની કેટલીક સહેલી રીતો:—

૧. જે રકમમાં ૧૦, ૨૦, ૩૦ વગેરે પુરા દશક ઉમેરવા કે બાદ કરવા હોય, તે રકમના દશકમાં અનુક્રમે ૧, ૨, ૩ વગેરે ઉમેરવા અથવા બાદ કરવા. જેમકે, ૬૨ + ૪૦ = ૧૦૨; ૮૨ − ૫૦ = ૩૨.

૨. જે રકમમાં દશક અને એકમવાળી કોઇ મોટી રકમ ઉમેરવી અથવા બાદ કરવી હોય તે રકમમાં પ્રથમ દશક ઉમેરવા અથવા બાદ કરવા, પછી આવેલા જવાબમાં મૂકી દીધેલા એકમ ઉમેરવા કે બાદ કરવા. જેમ, ૬૨ + ૨૫ = ૬૨ + ૨૦ તે ૮૨ ને + ૫ = ૮૭; ૭૨ − ૩૫ = ૭૨ − ૩૦ તે ૪૨ તેમાંથી − ૫ = ૩૭.

૩. કોઇ રકમમાં તેજ રકમ એક વાર ઉમેરવી હોય તો તેના દુ કરવા, બે વખત ઉમેરવી હોય તો તેરી, ત્રણ વખત ઉમેરવી હોય તો ચોકા કરવા, ઇત્યાદિ.

૪. આણુપાણુવાળી રકમોનો સરવાળો કે બાદબાકી કરવી હોય તો ઉમેરવાની કે બાદ કરવાની રકમમાંના પૂર્ણાંક પ્રથમ લેવા અને પછી જે પાણો હોય તે ઉમેરવી કે બાદ કરવી. જેમ ૨૫॥। + ૪॥ = ૨૫॥। + ૪ = ૨૯॥।, ૨૯॥। + ०॥ = ૩૦।; ૨૫॥। − ૪॥ = ૨૫॥। − ૪ = ૨૧॥।, ૨૧॥। − ०॥=૨૧।.

૫. કોઇ સંખ્યાને દશે ગુણવા હોય તો તે સંખ્યા ઉપર એક મીડું, સોએ ગુણવા હોય તો બે મીડાં અને હજારે ગુણવા હોય તો ત્રણ મીડાં ચઢાવવાં. તેમજ ૨૦, ૩૦, ૪૦, ૨૦૦ ૩૦૦, ૪૦૦ ઇત્યાદિએ ગુણવા હોય તો ગુણ્યને ૨, ૩, ૪, ઇ૦એ ગુણીને ગુણાકાર પર છોડી દીધેલાં મીડાં ચઢાવી દેવાં. જેમ, ૧૭ × ૧૦ = ૧૭૦; ૧૭ × ૩૦ = ૫૧ તે ઉપર એક મીડું = ૫૧૦; ૩૫ × ૨૦૦ = ૩૫ × ૨ = ૭૦ તે ઉપર બે મીડાં = ૭૦૦૦.

૬. કોઇ સંખ્યાને ૨॥ એ ગુણવા હોય તો તે સંખ્યાના પા કરી તે ઉપર એક મીડું, પાંચે ગુણવા હોય તો અર્ધા કરી તે ઉપર એક મીડું, ૭॥ એ ગુણવા હોય તો પોણા કરી તે ઉપર એક મીડું, ૧૨॥ એ ગુણવા હોય તો સવાયા કરી તે ઉપર એક મીડું, અને ૧૫ એ ગુણવા હોય તો દોઢા કરી તે ઉપર એક મીડું ચઢાવવું; આગળ પણ એજ પ્રમાણે સમજવું.

પા, અર્ધા કે પોણા કરતાં છેલ્લે જો એક પાણ આવે તો મીડું ચઢાવવાને બદલે તે પાણ કહાડી નાખી તેને ઠામે ૨॥ માંડવા, બે પાણ હોય તો પાંચડો અને ત્રણ પાણ હોય તો ૭॥ માંડવા.

૧. ૨૦ × ૨॥ = ૨૦ × ૦। = ૫, તે ઉપર એક મીડું ચઢાવ્યું એટલે ૫૦.

૨. ૧૭ × ૭॥ = ૧૭ × ૦॥। = ૧૨॥।, ત્રણ પાણોને બદલે ૭॥ માંડયા તો ૧૨૭॥.

૩. ૪૫ × ૧૫ = ૪૫ × ૧॥ = ૬૭॥, બે પાણોને બદલે પાંચડો માંડયો તો ૬૭૫.

૪. ૪૧ × ૧૨॥ = ૪૧ × ૧। = ૫૧।, એક પાણને બદલે ૨॥ માંડયા તો ૫૧૨॥.

૭. કોઇ સંખ્યાને ૨૫ એ ગુણવા હોય તો તેના પા કરી તે ઉપર બે મીડાં, ૫૦ એ ગુણવા હોય તો અર્ધા કરી તે ઉપર બે મીડાં, ૭૫ એ ગુણવા હોય તો પોણા કરી તે ઉપર બે મીડાં, ૧૨૫ એ ગુણવા હોય તો સવાયા કરી તે ઉપર બે મીડાં, ૧૫૦ એ ગુણવા હોય તો દોઢા કરી તે ઉપર

બે મીડાં અને ૧૭૫ એ ગુણવા હોય તો પોણા બમણા કરી તે ઉપર બે મીડાં ચઢાવવાં. આગળ પણ એજ પ્રમાણે ચાલી શકાય.

પા, અર્ધા કે પોણા ઈ૦ કરતાં છેલ્લે જો એક પાણ આવે તો બે મીડાં ચઢાવવાને બદલે તે પાણ કહાડી નાખી તેને ઠામે ૨૫, બે પાણ હોય તો ૫૦ અને ત્રણ પાણ હોય તો ૭૫ માંડવા.

૧. ૬૪ × ૨૫ = ૬૪ × ૦। = ૧૬, તે ઉપર બે મીડાં ચઢાવ્યાં તો ૧૬૦૦.

૨. ૭૮ × ૭૫ = ૭૮ × ૦।।। = ૫૮।।, બે પાણે પચાસ ચઢાવ્યા તો ૫૮૫૦.

૩. ૫૧ × ૧૨૫ = ૫૧ × ૧। = ૬૩।।।, ત્રણ પાણે પંચોતેર ચઢાવ્યા તો ૬૩૭૫.

૪. ૨૩ × ૧૭૫ = ૨૩ × ૧।।। = ૪૦।, એક પાણે ૨૫ ચઢાવ્યા તો ૪૦૨૫.

૮. કોઇ સંખ્યાને ૦। એ ભાગવા હોય તો તેને ૪ એ અને ૦।। એ ભાગવા હોય તો તેને ૨ એ ગુણવા. જેમ, ૨૬ ÷ ૦। = ૨૬ × ૪ = ૧૦૪; ૩૭ ÷ ૦।। = ૩૭ × ૨ = ૭૪.

૯ કોઇ પૂર્ણાંક સંખ્યાને પાણાવાળી અપૂર્ણાંક સંખ્યાએ ગુણવા હોય તો પ્રથમ ગુણ્ય પૂર્ણાંકને ગુણક પૂર્ણાંકે ગુણવા. આ ગુણાકારમાં " ગુણ્ય × અપૂર્ણાંક " ઉમેરવા. જેમ, ૧૭ × ૬। = ૧૭ × ૬ + ૧૭ × ૦। = ૧૦૨ + ૪। = ૧૦૬।; ૩૦ × ૫।। = ૩૦ × ૫ + ૩૦ × ૦।। = ૧૫૦ + ૧૫ = ૧૬૫; ૨૯ × ૭।।। = ૨૯ × ૭ + ૨૯ × ૦।।। = ૨૦૩ + ૨૧।।। = ૨૨૪।।।.

ગુણોત્તર.

એક સંખ્યા બીજી સંખ્યાથી કેટલા ગણી છે અથવા બીજીનો કેટલામો ભાગ છે, એ બતાવનારી ત્રીજી સંખ્યાને તે બે સંખ્યાનું ગુણોત્તર કહે છે. જેમ ૧૮ એ ૬ થી ત્રણ ગણા છે, માટે ૧૮ અને ૬ નું ગુણોત્તર ૩; ૭ એ ૨૮ નો $\frac{૧}{૪}$ મો ભાગ છે, માટે ૭ અને ૨૮ નું ગુણોત્તર $\frac{૧}{૪}$ થાય; $\frac{૩}{૧૫}$ અને $\frac{૫}{૧૨}$ નું ગુણોત્તર $= \frac{૩}{૧૫} \times \frac{૧૨}{૫} = \frac{૧૨}{૨૫}$ વિવિધ પરિમાણોનું ગુણોત્તરઃ— બે સાદી સંખ્યાનું ગુણોત્તર ઉપર પ્રમાણે નીકળી શકે છે, તેવીજ રીતે બે વિવિધ પરિમાણોનું ગુણોત્તર પણ કાઢી શકાય છે, પણ તે બે વિવિધ પરિમાણો એકજ જાતનાં અને એકજ નામનાં જોઇએ. કોરી અને ઢીંગલા એકજ જાતનાં પરિમાણ છે, પણ એકજ નામનાં નથી; માટે કોરી અને ઢીંગલાનું ગુણોત્તર કાઢતી વખતે કોરીના ઢીંગલા કરવા જોઇએ અથવા ઢીંગલાની કોરી કરવી જોઇએ. કોરીના ઢીંગલા ૧૬, માટે કોરી ને ઢીંગલાનું ગુણોત્તર = ૧૬ ઢીંગલા ÷ ૧ ઢીંગલો = ૧૬; કોરી ને દોકડાનું ગુણોત્તર = ૨૪ દોકડા ÷ ૧ દોકડો = ૨૪; ૭ પાયલા ને ૪ ત્રાંબીઆનું ગુણોત્તર = ૨૧; ૫ દોકડા ને ૧ કોરીનું ગુણોત્તર $\frac{૫}{૨૪}$; ૧॥ ગદ્દિઆણો ને ૨ રતીનું ગુણોત્તર = ૩૬; ૧ મણ ને ૭ શેરનું ગુણોત્તર = $\frac{૪૦}{૭}$. આ ઉદાહરણોથી સમજાશે કે વિવિધ પરિમાણો કે વિશેષ સંખ્યાનું ગુણોત્તર હંમેશાં સાદી સંખ્યા આવે છે. જેમ ૧૦ ગાય અને ૨૫ ગાયનું ગુણોત્તર $\frac{૨}{૫}$ એ ગાય નહિ, પણ સાદી સંખ્યા, વિજા-

નીય વિશેષ સંખ્યાઓ કે વિવિધ પરિમાણોનું ગુણોત્તર નીકળી શકે નહિ. જેમ ૮ મણ અને ૪ કોરી; ૬ ગાય અને ૨ ઘોડા; તથા ૧૭ ગજ અને ૩ વીઘાનું ગુણોત્તર નીકળી શકે નહિ.

મનોયત્ન ૧ લું.

નીચેની વિશેષ સંખ્યાનું ગુણોત્તર કાઢો ?

૧. ૧ મણ અને ૧ શેર ? જ. ૪૮.
૨. ૧ તોલો અને ૧ રતી ? જ. ૯૬.
૩. ૩૫ માણસ અને ૭ માણસ ? જ. ૫.
૪. ૧ ઘોડો અને ૫ ઘોડા ? જ. $\frac{૧}{૫}$.
૫. ૧ રૂપીઓ અને ૧ પૌંડ ? જ. $\frac{૧}{૧૫}$.
૬. ૧ વર્ષ અને ૧ મહીનો ? જ. ૧૨.
૭. ૧ રીમ અને ૧ તાવ ? જ. ૪૮૦.
૮. ૧ સાંતી અને ૧ વીઘો ? જ. ૯૬.
૯. ૫ દોકડા અને ૧ કોરી ? જ. $\frac{૫}{૬૪}$.
૧૦. ૩ દોકડા અને ૩ કોરી ? જ. $\frac{૧}{૬૪}$.
૧૧. ૧૮ કોરી અને ૨ હાથી ? જ. ગુણોત્તર ન નીકળી શકે
૧૨. ૨ મણ અને ૧ પાંચશેરી ? જ. ૧૬.
૧૩. ૧ મણ અને ૧॥ શેર ? જ. ૩૨.
૧૪. ૧ દોકડાભાર અને ૧ શેર ? જ. $\frac{૧}{૪૦}$.
૧૫. ૩ નવટાંક અને ૧ શેર ? જ. $\frac{૩}{૮}$.

૧૨ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ઠકઃ— ૧૨ ત્રાંબીઆ= ૧ પાયલો; ૧૨ દોકડા = ૧ આધીઉં; ૧૨ ચારશેરી = ૧ મણ; ૧૨ નંગ = ૧ ડઝન; ૧૨ ડઝન = ૧ ગ્રોસ; ૧૨ ઇંચ = ૧ ફુટ; અને ૧૨ માસ = ૧ વર્ષ.

૧૨ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલે પાયલે મણ તેટલા ત્રાંબીઆએ ૪ શેર.

(કેમકે ૧ પાયલાના ત્રાંબીઆ ૧૨ અને ૧ મણની ચાર શેરી ૧૨.)

૨. જેટલે પાયલે ડઝન તેટલા ત્રાંબીઆએ ૧ નંગ.

(કેમકે ૧ પાયલાના ત્રાંબીઆ ૧૨ અને ૧ ડઝનના નંગ ૧૨) ઉપર મુજબ નીચેની કુંચીઓ પણ નીકળે છે.

૩. જેટલે પાયલે ગ્રોસ તેટલા ત્રાંબીઆએ ડઝન.

૪. જેટલે પાયલે ફૂટ તેટલા ત્રાંબીઆએ ઇંચ.

૫. જેટલે પાયલે વર્ષ તેટલે ત્રાંબીએ માસ.

૬. જેટલે આધીએ મણ, ડઝન, ગ્રોસ, ફૂટ, કે વર્ષ તેટલે દોકડે અનુક્રમે ૪ શેર, ૧ નંગ, ૧ ડઝન, ૧ ઇંચ કે ૧ માસ.

દાખલા.

૧. ૩ પાયલાનાં ૧ મણ લાકડાં તો ૪ શેરનું શું. જ. કો. ૦) ૧॥

૨. ૨ કોરીએ ૧ મણ ગાજર તો ૪ શેરનું શું ? જ કો. ૦) ૪.
(૨ કોરીના પાયલા ૮, માટે ૮ ત્રાંબીએ ૪ શેર થયા.)

૩. કો. ૧॥ એ ૧ ડઝન બટન તો ૧ બટનનું શું ? જ. કો ૦)૨॥.

૪. કો. ૭॥ એ ૧ ડઝન મોજાંની જોડ તો ૨ મોજાંની જોડનું શું ? જ. કો ૧॥.

૫. કો. ૧૮) એ ૧ ગ્રોસ પેન્સિલ તો કો. ૧॥ ની કેટલી પેન્સિલ ? જ. ૧ ડઝન.
(૧૮ કોરીના પાયલા ૭૨, માટે ૭૨ ત્રાંબીઆએ ૧ ડઝન. ૭૨ ત્રાંબીઆ = ૧॥ કોરી.)

૬. કો. ૧॥ ની ૧ ફૂટ લેઇસ તો કો. ૦) ૪॥ ની કેટલી લેઇસ ? જ. ૧॥ ઈંચ.
(કો. ૧॥ = ૬ પાયલા, માટે ૬ ત્રાંબીએ ૧ ઈંચ, તો ૪॥ દો. = ૯ ત્રાંબીઆએ ૧॥ ઈંચ.)

૭ એક માણસને દર મહીને કો. ૩૭॥ પગાર મળે છે, તો ૧ વરસે શું મળશે. જ. કો. ૪૫૦.)

૮. એક વર્તમાનપત્રનું વાર્ષિક લવાજમ કો. ૨૫॥ હોવાથી દર માસે શું આપવું પડશે ? જ. કો. ૨)૩.

૯. કો. ૭॥ એ મણ પટેટા તો કો. ૦।૧॥ નાં કેટલાં આવશે ? જ. ૨ શેર.
(કો. ૭॥ = ૧૫ આધીઆં, માટે ૧૫ દોકડે ૪ શેર તો૭॥ દોકડે ૨ શેર.

૧૦. ૧ ડઝન મોજાંની કિંમત કો. ૧૮॥૨॥ તો ૧ ગ્રોસ મોજાંનું શું ? જ. કો. ૨૨૬॥.

૨૦ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટકઃ— ૨૦ પંચરેસ = ૧ કોરી; ૨૦ પંચ ફોકડા = ૧ દોકડો; ૨૦ મણ = ૧ ખાંડી; ૨૦ ઇંચ = ૧ હાથ; ૨૦ વીસવાસી = ૧ વસો; ૨૦ વસા = ૧ વીઘો; ૨૦ ઘા = ૧ રીમ અને ૨૦ નંગ = ૧ કોડી.

૨૦ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલી કોરીએ ખાંડી તેથી ૫ ગણે રેસે મણ.

(કેમકે ૧ કોરીનો ૨૦ મો ભાગ જેમ ૫ રેસ છે, તેમ ૧ ખાંડીનો ૨૦ મો ભાગ ૧ મણ છે).

૨. જેટલે દોકડે ખાંડી તેથી ૫ ગણે ફોકડે મણ.

(કેમકે દોકડાનો ૨૦ મો ભાગ જેમ ૫ ફોકડા છે, તેમ ખાંડીનો ૨૦ મો ભાગ ૧ મણ છે.)

ઉપર પ્રમાણે નીચેની કુંચીઓ પણ નીકળી શકે છે.

૩. જેટલી કોરીએ હાથ તેથી ૫ ગણે રેસે ઇંચ.

૪ જેટલી કોરીએ વસો તેથી ૫ ગણે રેસે વીસવાસી

૫. જેટલી કોરીએ વીઘો તેથી ૫ ગણે રેસે વસો.

૬. જેટલી કોરીએ રીમ તેથી ૫ ગણે રેસે ઘા.

૭. જેટલી કોરીએ કોડી તેથી ૫ ગણે રેસે ૧ નંગ.

૮. જેટલે દોકડે હાથ, વસો, વીઘે, રીમ કે કોડી તેથી ૫ ગણે ફોકડે અનુક્રમે ઇંચ, વીસવાસી, વસો, ઘા કે નંગ.

દાખલા.

૧. કો. ૭ા એ ખાંડી ખારેક તો ૧ મણનું શું ? જ. રેસ ૭ા.
(કોરીના રેસ ૧૦૦ અને અર્ધા ત્રાંબીઆ ૯૬, માટે ૧ રેસ = ૧ અર્ધી ત્રાંબીઓ લગભગ; તેથી ૭ા રેસ = ૯ દોકડા. બીજી રીતે ૨૫ રેસ = કો. ૦। અને ૧૨ા રેસ = ૬ા ત્રાંબીઆ એટલે કુલ ૯ દોકડા જવાબ.)

૨. કો. ૩।૩ા એ ૧ હાથ રેશમ તો ૧૫ હાથ ૩ ઇંચનું શું ?
જ. કો. ૫૧।૪ાા.

(કો. ૩।૩ા × ૧૫ = કો. ૫૦ાા૪ાા પંદર હાથની કિંમત + ૩। × ૧૫ રેસ = ૪૮ાા રેસ = ૧૧ાા દોકડા + ૩ા × ૧૫ = ૫૨ા દોકડા = ૦ાા દોકડો અને ૨ા દોકડા; માટે કુલ કો. ૫૧।૪ાા જવાબ.)

૩. કો. ૨૪। ઉપજ એક વસા જમીનમાં થાય તો ૧ વીસવાસીમાં કેટલી ઉપજ ? જ. કો. ૧ રેસ ૨૧।.

૪. ૧ હાથ કીનખાબની કિંમત કો. ૪। તો ૧૨ ઇંચ કીનખાબનું શું બેસે ? જ. કો. ૨ા રેસ ૫.

૫ ૧ વીઘા જમીનની કિંમત કો. ૫૦૦) તો કો. ૧૯૭ા ની કેટલી જમીન આવશે ? જ. વ. ૭ વી. ૧૮.

૬. રૂ. ૧૨ એ ૧ રીમ ડ્રોઇંગ પેપર તો રૂ. ૨) ૧૦ દોકડાના કેટલા કાગળ આવે ? જ. ૩ા ધા.
(રૂ. ૨)૧૦ દો. = દો. ૨૧૦. કોરીના રેસ જેમ ૧૦૦

તેમ રૂપીઆના દોકડા ૧૦૦, માટે આ હિસાબ કોરીની રીતે ગણવો અને દોકડા ત્યાં રેસ ગણવા. ૧૨ × ૫ = ૬૦ દોકડે ૧ ધા, તો ૨૧૦ દોકડાના ૩॥ ધા જવાબ.)

૭. કો. ૧૮॥। એ ૧ રીમ કાગળ તો ૨ ધાનું શું ? જ. કો. ૧॥। ૧૨॥ રેસ.

૮. કો. ૬ એ ૧ રીમ કાગળ તો ૩૦ રેસના કેટલા કાગળ આવશે ? જ. ૧ ધા.

૯. કો. ૩૨) એ ૧ કોડી વળીઓ તો કો. ૩૬॥। ૫ રેસની કેટલી વળીઓ ? જ. કોડી ૧ અને નંગ ૩.

(૧ કોડીની ૩૨ કોરી તેથી કો. ૩૬॥।૫ – કો. ૩૨ = કો. ૪) ૮૦ રેસ. = ૪૮૦ રેસ; ૧૬૦ રેસે ૧ વળી તો ૪૮૦ રેસે ૩ વળી.)

૧૦. ૧ ખાંડીની કો. ૭૨૧૪ તો ૧ મણનું શું ? જ. કો. ૩૬) ૧॥ દો. ૨૦ રેકડા.

૨૪ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક— ૨૪ દોકડા = ૧ કોરી; ૨૪ તસુ = ૧ ગજ; ૨૪ વાંચા = પરાજું; અને ૨૪ તાવ = ૧ ધા.

૨૪ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલી કોરીએ ગજ તેટલે દોકડે તસુ.

(કારણઃ— ૧ કોરીના દોકડા ૨૪ અને ૧ ગજના તસુ ૨૪, માટે ૧ દોકડે ૧ તસુ).

૨. જેટલી કોરીએ પરાજું તેટલે દોકડે વીઘો.

(કારણઃ— ૧ કોરીના દોકડા ૨૪ અને ૧ પરાજાના વીઘા ૨૪, માટે ૧ દોકડે ૧ વીઘો).

ઉપર પ્રમાણે નીચેની કુંચીઓ પણ નીકળે છે.

૩. જેટલી કોરીએ ઘા તેટલે દોકડે તાવ.

૪. જેટલે ઢીંગલે ગજ, પરાજું કે ઘા તેટલી બદામે અનુક્રમે તસુ, વીઘો અને તાવ.

દાખલા.

૧. કો. ૮) એ ૧ ગજ સાટીન તો ૧૦ ગજ ૫ તસુનું શું ? જ. કો. ૮૧॥૪.

૨. કો. ૦॥ એ ૧ ગજ માદરપાટ તો કો. ૮। ના કેટલા ગજ આવશે ? જ ૧૧ ગજ. (કેમકે ૧૧ × ૦॥ = ૮।).

૩. કો. ૧। એ ૧ ગજ નેનકલાથ તો કો. ૮॥ દો. ૧॥ બ. ૨ નું કેટલું આવશે ? જ. ગજ ૭)૧॥.
(કો. ૧। × ૭ = કો. ૮॥ સાત ગજની કિંમત. બાકી દો. ૧॥૨ રહ્યા, તેની બદામ ૩૦; ૧। દોકડે એટલે ૨૦ બદામે ૧ તસુ તો ૩૦ બદામે ૧॥ તસુ).

૪. કો. ૪॥ એ ૧ ગજ રેશમ તો કો. ૨)૪। નું કેટલું આવશે ? જ. ૧૧ તસુ. (કો. ૨'૪। = દો. ૫૨। ÷ ૪॥ = ૧૧ તસુ.)

૫. ૧ ઘા કાગળની કો. ૦।૩ તો કો. ૧। દો. ૨॥ બ. ૨ ના

કેટલા કાગળ આવશે? જ. ધા ૩ા૧. (કો. ૧ા દો. ૧ાા બ. ૨=૨૧ા ઢીંગલા. ૨૧ ઢીંગલાના ૩ા ધા અને ાા ઢીંગલાનો ૧ કાગળ.)

૬. કો. ૭૨) એ ૧ મણ ઘી તો ૨ શેરનું શું ? જ. કો. ૩. (મણ ૧ નો ૨૪ મો ભાગ ૨ શેર તેમ કો. ૭૨) નો ૨૪ મો ભાગ કો. ૩.)

૭. ૧ પરાજામાં કો. ૭૦૦) ઉપજ થાય તો ૧ વીઘાની શી ઉપજ ? જ. કો. ૨૯)૪.

૮. ૧ પરાજાની ઉપજ કો. ૬૫૭ તો ૩ વીઘાની શી ઉપજ ? જ. કો. ૮૨)૩. (૩ દોકડે ૩ વીઘાની ઉપજ, અને ૩ દોકડા = ૧ હબુ, માટે ૬૫૭ હબુને ૮ એ ભાગતાં કો. ૮૨)૩ જવાબ.)

૯. કો. ૫ા એ ૧ ગજ રેશમ તો ૮ ગજ ૩ તસુનું શું ? જ. કો. ૪૨ાા૩ાાા.

૧૦. કો. ૭ાાા૧ાા એ ૧ ગજ કીનખાબ તો ૫ ગજ ૫ તસુનું શુ ? જ. કો. ૪૦ાા દો. ૪ાા બ. ૧. (કો ૭ાાા૧ાા × ૫ ગજ = કો. ૩૯)૧ાા પાંચ ગજની કિંમત હવે પાંચ તસુનું કરવું. ૭ાા × ૫ = ૩૮ાા દો. દોઢ દોકડો = ૧ ઢીંગલો. જેટલે ઢીંગલે ગજ તેટલી બદામે ૧ તસુ, માટે ૫ બદામ પાંચ તસુની. કો. ૩૯)૨ાા + કો. ૧ાા ૨ાાા + ાા દો. ૧ બ.)

---

૩૦ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ઠક:—૩૦ એશી દોકડા = ૧ કોરી અને ૩૦ દિવસ = ૧ મહીનો.

૩૦ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલી ડોરીએ મહીનો તેથી ૮૦ ગણે ફોકડે દિવસ.

(કારણ, ૧ ડોરીના ફોકડા ૨૪૦૦ અને ૧ મહીનાના દિવસ ૩૦; ૨૪૦૦ ને ૩૦ એ ભાગતાં ૧ દિવસના ૮૦ ફોકડા.)

દાખલા.

૧. એક માણસને ૭૫ ડોરીનો પગાર છે, તો ૨ મહીના અને ૧ દિવસનું શું ? જ. ડો. ૧૫૨ાા.

૨. ડો. ૩૩) નો પગાર હોય તો ૨ મહીના અને ૧૭ દિવસનું શું ? જ. ડો. ૮૪ાા૪ાાા અને ફોકડા ૫. (૨ મહીના ૧૭ દિ. = મ. ૨ાા દિ. ૨; ૩૩ × ૨ાા = ડો. ૮૨ાા. હવે ૨ દિવસનું કરવું; ૩૩ × ૮૦ × ૨ = ૫૨૮૦ ફોકડા એટલે ડો. ૫૨ાા અને ૫ ફોકડા. ડો. ૮૨ાા + ડો. ૨) ૪ાા ૫ ફે. = ડો. ૮૪ાા૪ાાા અને ૫ ફે. આ કુંચી લાંબી પડે તો " ડોરી અને દિવસના ગુણાકારને ૩૦ એ ભાગવા " એ ત્રિરાશિની કુંચી લાગુ પાડવી. ૩૩ × ૨ = ૬૬; ૬૬ ÷ ૩૦ = ડો. ૨$\frac{૧}{૫}$ = ડો. ૨) ૪ાા ૫ ફે.

૩. ૧ મહીને ડો. ૧૪૭ાા૩ ઉપજ હોય તો રોજની કેટલી ઉપજ થઇ ? જ. ડો. ૪ાા૪)૧ાા. (ઉપરની કુંચીથી આવા દાખલા લાંબા થાય છે, માટે ત્રિરાશિની રીત જે ૩૦ એ ભાગવાની તે વાપરવી. જેમ ૧૪૭ાા૩ ÷ ૩૦ = ડો. ૪ાા ૪)૧ાા.)

૪. એક કુટુંબમાં એક મહીને ડો. ૧૦ નુ બળતણ જોઇએ, તો

કો. ૩૪ાર નું બળતર કેટલા માસ ચાલશે. જ. માસ ૩ાા૪ દિ. (કો. ૩૫ નું બળતણ ૩ાા માસ ચાલે, બાકી કો. ૧ાર રહ્યા, તેના ફોકડા ૩૨૦૦. દરરોજ ૮૦ × ૧૦ = ૮૦૦ ફોકડાનું બળતણ જોઇએ છે, તો ૩૨૦૦ ફોકડાનું બળતણ ૪ દિવસ ચાલશે).

૫. એક કુટુંબમાં મહીને કો. ૩૯) નું પરચુરણ ખર્ચ આવે છે, તો તેવા ખર્ચ માટે કો. ૩૫ાા કેટલા માસ ચાલશે ? જ. મા. ૯ દિ ૫.

---

૪૦ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ઠકઃ—૪૦ સાઠ ફોકડા = ૧ કોરી; ૪૦ અઢી ફોકડા = ૧ દોકડો અને ૪૦ દોકડા ભાર = ૧ શેર.

૪૦ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલી કોરીએ શેર તેથી ૬૦ ગણે ફોકડે દોકડાભાર.

(કારણઃ—કોરી એકના ફોકડા ૨૪૦૦ તેને શેરના દોકડાભાર ૪૦ એ ભાગતાં ૧ દોકડાભારના ૬૦ ફોકડા આવે છે).

દાખલા.

૧. કો. ૧ાા નું ૧ દો. ભાર અત્તર તો ૧ શેરનું શું ? જ. કો ૬૦.

૨. કો. ૧ાાત્ર એ ૧ શેર પીસ્તાં તો શે. ૫ અને ૭ દો. ભા. નું શું ? જ. કો. ૯ાા૪ાા બદામ ૨.

(કો. ૧ાાત્ર × ૫ = કો. ૯ાત્ર. કોરીથી ૪૨૦ ગણે ફોકડે ૭

દો. બાર, માટે ૪૨૦ × ૧ાાાૹ = ૪૨૦ + ૩૧૫ + ૫૨ાા = ૭૮૭ાા ફ઼ાકડા = દો. ૭ અને ૧૪ બદામ = દો. ૭ાાાર બદામ. કો. ૯ા૩ + દો. ૭ાાા બ. ૨ = કો. ૯ાા૪ાાા બ. ૨).

૩. કો. ૩, એ ૧ શેર એળચી તો કો. ૯ા૧ ફ઼ા. ૨૦ ની કેટલી એળચી આવશે ? જ. શે. ૩ દો. ભા. ૪.

(કો. ૯ ના ૩ શેર, હવે દો. ૭ અને ૨૦ ફ઼ા. બાકી રહ્યા, તેના ફ઼ાકડા ૭૨૦; ૩ કોરી લેખે એક દોકડાભારના ૧૮૦ ફ઼ાકડા બેસે, માટે ૭૨૦ ÷ ૧૮૦ = ૪ દો. ભા. જવાબ).

૪. કો. ૧૭ ની ૧૨ાા શેર મીઠાઇ આવે તો કો. ૫૫ ની કેટલી મિઠાઇ આવશે ? જ. શે. ૪૧ા.

(સત્તર પોણું પોણીતેર, તેમ પંચાવન પોણું ૪૧ા. આવી રીતે પાંતી બેસાડવી).

૫. કો. ૪૯ ના ૧ાા શેર તો શે. ૨ાા દો. ભા. ૫ નું શું ? જ કો ૭૬ા દો. ૧ ફ઼ા. ૨૦.

(૪૯ કોરીએ ૧ાા શેર એટલે ૨૮ કોરીએ ૧ શેર. હવે ૨૮ કોરીએ ૧ શેર તો શે. ૨ાા દો. ભા. ૯ નું કરવું. ૨ાા શેરની કો. ૭૦ + ૯ દો. ભા. ને બદલે ૧૦ દો. ભા. એટલે ૦ા શેરની કો. ૭ = કો. ૭૭; કો. ૭૭ માંથી ૧ દો. ભા. ની કિંમત ફ઼ાકડા ૧૬૮૦ બાદ કરીએ તો કો. ૭૬ા૧ ફ઼ા. ૨૦ જવાબ.

---

૪૮ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટકઃ—૪૮ ત્રાંબીઆ = ૧ કોરી; ૪૮ શેર = ૧ મણ; ૪૮ રતી = ૧ ગદિઆણો અને ૪૮ આંગળ = ૧ ગજ.

૪૮ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલી કોરીએ મણ તેટલે ત્રાંબીએ શેર.

(કારણ—કોરીના ત્રાંબીઆ ૪૮ અને મણના શેર ૪૮, માટે ૧ ત્રાંબીએ ૧ શેર).

૨. જેટલે ઢીંગલે મણ તેથી ૦॥ બદામે અથવા ૮ ગણી વીસવાસીએ ૧ શેર.

(કારણ—૧ ઢીંગલાની બદામ ૨૪ અને ૨૪ × ૧૬ = ૩૮૪ વીસવાસી અને ૧ મણના શેર ૪૮; ૩૮૪ ÷ ૪૮ = ૮ વીસવાસીએ ૧ શેર).

ઉપર પ્રમાણે નીચેની કુંચીઓ પણ નીકળે છે.

૩. જેટલી કોરીએ ગદિઆણો તેટલે ત્રાંબીએ રતી.

૪. જેટલે ઢીંગલે ગદિઆણો તેથી ૮ ગણી વીસવાસીએ રતી.

૫. જેટલી કોરીએ ગજ તેટલે ત્રાંબીએ આંગળ.

૬. જેટલે ઢીંગલે ગજ તેથી ૮ ગણી વીસવાસીએ આંગળ.

દાખલા.

૧. કો. ૧) નું ૧ ગજ કાપડ તો ૪ આંગળનું શું ? જ. દો. ૨.
૨. કો. ૩॥ નું ૧ ગજ સાટીન તો ૭ ગજ ૧૦ આંગળનું શું ? જ. કો. ૨૭)૦॥.

૩. કો. ૧૯। એ મણ તેલ તો કો. ૧॥૨॥ નું કેટલું તેલ ? જ. શે. ૪.
૪. કો. ૪૮) એ મણ ઘી તો ૩ મણ ૧॥ શેરનું શું ? જ. કો. ૧૪૫॥.

૫. કો. ૦॥≈એ ૧ શેર મિઠાઇ તો ૩। મણનું શું ? જ. કો. ૯૭॥.
૬. કો. ૪॥ એ મણ બટેટાં તો બદામ ૩૮ નાં કેટલાં બટેટાં ? જ. ૧ શેર. (૪॥ ત્રાંબીએ ૧ શેર. ૪॥ ત્રાંબીઆ = ૩૮ બદામ.
૭. કો. ૦॥૪॥ એ ગદિઆણો ચાંદી તો ૫ ગદિ. ૧ રતીનું શું ? જ. કો. ૪॥૪॥≈॥. (કો. ૦॥૪॥ × ૫ = ૪॥૪॥. હવે કો. ૦॥૪॥ = ૧૫ ઢીંગલા. ૧૫ × ૦॥ = ૭॥ બદામ ૧ રતીની, માટે જ. કો ૪॥૪॥≈॥.)
૮. કો. ૫। એ ૧ ગજ રેશમ આવે તો કો. ૧ અને ૪॥ ત્રાંબીઆનુ કેટલુ રેશમ આવશે ? જ. ૫ તસુ.
૯. ૧ ત્રાંબીએ ૧ શેર ગાજર મળે તો કો. ૪॥૧॥ ના કેટલા મણ ગાજર આવશે ? જ. મ. ૪॥૩.
૧૦. કો. ૦॥ એ ૧ રતી સોનું તો ૧ ગદિઆણાનું શું બેસે ? જ. કો. ૩૬.

૯૬ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ઠકઃ—૯૬ બવકીઆ = ૧ કોરી; ૯૬ પા દોકડા = ૧ કોરી; ૯૬ રતી = ૧ તોલો અને ૯૬ અચ્છેરા = ૧ મણ.

૯૬ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલી કોરીએ તોલો તેટલે બવકીએ રતી.

(કારણ—કોરીના બવકીઆ ૯૬ અને તોલાની રતી ૯૬, માટે ૧ બવકીયે ૧ રતી.)

૨. જેટલે ઢીંગલે તોલો તેથી ૪ ગણી વીસવાસીએ રતી.

(કારણ-ઢીંગલા ૧ ની વીસવાસી ૩૮૪ અને તોલા ૧ ની રતી ૯૬, માટે ૩૮૪ ÷ ૯૬ = ૪ વીસવાસી.)

ઉપર પ્રમાણે નીચેની કુંચીઓ પણ નીકળે છે.

૩. જેટલી કોરીએ મણ તેટલે બવકીએ અચ્છેર.

૪. જેટલે ઢીંગલે મણ તેથી ૪ ગણી વીસવાસીએ અચ્છેર.

દાખલા.

૧. કો. ૯૦ એ ૧ તોલો સોનું મળે છે, તો ૨ રતીનું શું આપવું ? જ. કો. ૧॥૩.

૨. કો. ૦૧૩ એ ૧ તોલો સાલમ તો કો. ૩૬ ના કેટલા તોલા આવશે ? જ. તોલા ૯૬.

૩. કો. ૩)≈ એ ૧ તોલો ચાંદી તો ૧૦ તો. ૩ વાલ ૨ રતીનું શું આપવું ? જ. કો. ૩૧ાા૨ાા બ. ૧ાા.

(કો. ૩)≈ × ૧૦ = ૩૧ા દશ તોલાની કિંમત. ૩ વા. ૨ રતી = ૧૧ રતી; ૩ × ૧૧ = ૩૩ બવકીયા = કો. ०ા૨ા; ૨ ઢીંગલા × ૪ × ૧૧ = ૮૮ વીસવાસી = ૫ાા બદામ. કો. ૩૧ા + કો. ०ા૨ા + કો. ०)०ા બ. ૧ાા = કો. ૩૧ાા ૨ાા બદામ ૧ાા.)

૪. કો. ૧૨ાા એ મણ ગોળ મળે તો કોરી ૭૭)૩ાાા૩ બદામનો કેટલો ગોળ આવશે ? જ. મ. ૬ શે. ૫. (૬ મણની કો. ૭૬ાા તેથી બાકી કો. ०ાા૩ાાા૩ બદામ રહી, તેના બાવકીઆ ૬૩ાાા; ૬૩ાાા ÷ ૧૨ાાા = ૫ શેર.)

૫. કો. ૧૬ એ ૧ મણ ગોળ તો દો. ૪ નો કેટલો ગોળ આવશે ? જ. શે. ०ાા.

૬. દો. ૭ એ ०ાા શેર સુરણ તો ૧ મણનું શું ? જ. કો. ૨૮).

(જેટલે દોકડે ०ાા શેર તેથી ૪ ગણી કોરીએ મણ અને જેટલે ઢીંગલે ०ાા શેર તેથી ૬ ગણી કોરીએ ૧ મણ.)

૭. ૩ ઢીંગલે ०ાા શેર રીંગણાં તો ૧ મણનું શું ? જ. કો. ૧૮.

૮. ૫ ઢીંગલે ૧ રતી અત્તર તો ૧ તોલાનું શું ? જ. કો. ૩૦.

૯. ૩ા દોકડે ૧ રતી અત્તર તો ૧ તોલાનું શું ? જ. કો. ૧૩.

૧૦. કો. ૮ાા એ ૫ તોલા રૂપું તો તોલા ૧૧ નું શું બેસે ? જ. કો. ૧૮ા.

૧૦૦ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:-૧૦૦ રેસ = ૧ કોરી; ૧૦૦ ફોકડા = ૧ દોકડો; ૧૦૦ નંગ = ૧ સેંકડો; ૧૦૦ દશક = ૧ હજાર અને ૧૦૦ હાથ = ૧ દોરી.

૧૦૦ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલી કોરીએ સેંકડો તેટલે રેસે ૧ નંગ.

(કારણ—કોરીના રેસ ૧૦૦ અને સેંકડાના નંગ ૧૦૦, માટે ૧ રેસે ૧ નંગ.)

૨. જેટલે દોકડે સેંકડો તેટલે ફોકડે ૧ નંગ.

(કારણ—દોકડાના ફોકડા ૧૦૦ ને સેંકડાના ૧૦૦ નંગે ભાગતાં ૧ ફોકડે ૧ નંગ.

ઉપર પ્રમાણે નીચેની કુંચીઓ પણ નીકળી શકે છે.

૩. જેટલી કોરીએ દોરી તેટલે રેસે હાથ.

૪. જેટલે દોકડે દોરી તેટલે ફોકડે હાથ.

૫. જેટલી કોરીએ હજાર તેટલે રેસે ૧૦ નંગ.

૬. જેટલે દોકડે હજાર તેટલે ફોકડે ૧૦ નંગ.

દાખલા.

૧. કો. ૯ ની ૧૦૦ કેરી તો ૧ કેરીનું શું ? જ. રેસ ૯.

૨. ૧૦૦ ખારેકના પા દોકડા તો ૪ ખારેકનું શું ? જ. ૨૨ ફોકડા.

૩. ૧ દોરી લાંબી ખાઇ ખોદતાં કો. ૧૩ા≈ બેસે તો એક હાથ ખાઇનું ખોદામણ શું ? જ. કો. ૦)૩, રેસ ૦ાા≈.

૪. ૧ દોરી લાંબી ફ્રીતની કિંમત કો. ૬ા બેસે તો કો. ૦ાા૩ ના કેટલા હાથ ફ્રીત આવશે ? જ. ૧૪ હાથ. કો. ૬ા = ૧૦૦ ઢીંગલા. ૧૦૦ ઢીંગલાના ૧૦૦ હાથ તો ૧૪ ઢીંગલાના ૧૪ હાથ.)

૫. કો. ૩૦ાા એ ૧ હજાર ઇંટ તો ૫૭૩૦ નંગનું શું ? જ. કો. ૧૭૬ રેસ ૧૯ાા.

૬. કો. ૮ાા ની ૧૦૦ કેરી તો ૬૧ા રેસની કેટલી કેરી ? જ. ૭ કેરી.

૭. કો. ૨૧ એ હજાર પૂળા તો ૩૧૦ પૂળાનું શું ? જ. કો. ૬ાા અને ૧ રેસ.

૮. કો. ૦ા≈ એ ૧૦૦ છાણાં તો ૧૩૨ છાણાંનું શું ? જ. કો. ૦ાા૩ાા અને ૩ ફ્રોકડા. (કો. ૦ા≈ = દો. ૧૬ાા; ૧૬ાા × ૩૨ = ૫૨૮ ફ્રોકડા; દો. ૧૬ાા + દો. ૫ા ફ્રો. ૩ = દો. ૨૧ાા અને ૩ ફ્રોકડા.)

૯. ૨ ચોપડીના ૫ દોકડા તો ૧૦૦ ચોપડીનું શું ? જ. કો. ૧૦ા૪.

૧૦. કો. ૪ નાં ૧૦૦ કેળાં તો કો. ૦ા રેસ ૩ નાં કેટલાં કેળાં ? જ. ૭ કેળાં.

---

૧૨૦ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટકઃ—૧૨૦ વીશફોકડા = ૧ કોરી; ૧૨૦ બેઆની = ૧ પૌંડ; ૧૨૦ દોકડા = ૧ પાંચીઉં; ૧૨૦ બેદોકડાભાર = ૧ છ શેરી (૧ પાકી પાંચશેરી); ૧૨૦ સોળ દોકડાભાર = ૧ મણ, ૧૨૦ અર્ધી ઘડી = ૧ દિવસ; ૧૨૦ અર્ધી પળ = ૧ ઘડી અને ૧૨૦ અર્ધી વિપળ = ૧ પળ.

૧૨૦ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. **જેટલી કોરીએ મણ તેથી વીશ ગણું ફોકડે સોળ દોકડાભાર.**

(કારણ—કોરીના ફોકડા ૨૪૦૦ તેને મણના ૧૬ દો. ભા. ૧૨૦ એ ભાગતાં ૨૦ ફોકડાએ ૧૬ દો. ભા. આવે છે.)

૨. **જેટલે ઢીંગલે મણ તેથી વીશગણે ઉપફોકડે સોળ દોકડાભાર.**

(કારણ—ફોકડાનો ૧૬ મો ભાગ તે ઉપફોકડા. ઢીંગલાના ઉ. ફોકડા ૨૪૦૦ તેને મણના ૧૬ દો. ભા. ૧૨૦ એ ભાગતાં ૨૦ ઉ. ફોકડાએ ૧૬ દો. ભા. આવે છે).

ઉપર મુજબ નીચેની કુંચીઓ પણ નીકળે છે.

૩. **જેટલી કોરીએ છ શેરી તેથી ૨૦ ગણું ફોકડે બે દોકડાભાર.**

૪. **જેટલે ઢીંગલે છ શેરી તેથી ૨૦ ગણે ઉપફોકડે બે દોકડાભાર.**

૫. જેટલી કોરીએ દિવસ તેથી ૨૦ ગણે પોકડે અર્ધી ઘડી.

૬. જેટલે ઢીંગલે દિવસ તેથી ૨૦ ગણે ઉપપોકડે અર્ધી ઘડી.

દાખલા.

૧. કો. ૧) નાં ૧ મણ લાકડાં તો ૧૬ દો. ભા. નું શું ? જ. પોકડા ૨૦.

૨. ૧ દોકડે ૧ કેરી તો ૧૨૦ નંગનું શું ? જ. ૫ કોરી. (જેટલે દોકડે નંગ તેટલે પાંચીએ ૧૨૦ નંગ).

૩. કો. ૦॥૧ એ મણ ગદ્બ તો કો. ૬૫ ની કેટલી ગદ્બ આવશે ? જ. ૧૨૦ મણ.

૪. ૧ દિવસની કો. ૩॥ મજૂરી લેખે અર્ધી ઘડીની મજુરી કેટલી થાય ? જ. દે. ०॥।.

૫. ૧ દિવસમાં એક ટંકશાળમાં ૧૨૦૦૦ કોરીઓ પડે તો અર્ધી ઘડીમાં કેટલી કોરીઓ પડતી હશે ? જ. કો. ૧૦૦.

---

૩૬૦ ના ગુણોત્તરનાં લેખાં.

કોષ્ઠકઃ-૩૬૦ દોકડા = ૧૫ કોરી અને ૩૬૦ દિવસ = ૧ વર્ષ.

૩૬૦ ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧. જેટલી પંદર કોરીએ વર્ષ તેટલા દોકડાએ દિવસ.

(કારણ ૧૫ કોરીના દોકડા ૩૬૦ અને ૧ વર્ષના દિ. ૩૬૦, માટે ૧ દોકડે ૧ દિવસ).

દાખલા.

૧. શાકને માટે રોજ ૧ દોકડો વાપરીએ તો ૧ વર્ષે શું જોઇએ ?
જ. કો. ૧૫.

૨. કોઇ કુટુંબમાં રોજ ઢીંગલા ૩ નું દૂધ જોઇતું હોય તો ૧ વર્ષે કેટલું દૂધ જોઇએ. જ. કો. ૬૭ાા.
(૩ ઢીંગલા = દો. ૪ાા; ૪ાા × ૧૫ = ૬૭ાા કો. જવાબ).

૩. એક માણસને દર વર્ષે ૧૬૫ કોરી ભાડું આવતું હોય તો રોજનું શું ? જ. દો. ૧૧. (૧૫ કોરી હોય તો રોજનો ૧ દો. પણ આ દાખલામાં તો ૧૬૫ કોરી છે, માટે ૧૬૫ ÷ ૧૫ = ૧૧ દોકડા).

૪. એક ઓરડીનું ભાડું મારે દર વર્ષે કો. ૧૮ાાા ભરવું પડે છે, તો રોજનું કેટલું ભાડું થયુ ? જ. દો. ૧ાા.

૫. દર વર્ષે કો. ૭૫) ભાડું આવતુ હોય તો ૫ વર્ષ અને ૨૮ દિવસનું કેટલું ભાડું આવશે ? જ. કો. ૩૮૦ાા૨. (૭૫ × ૫ = ૩૭૫ કો. પાંચ વર્ષનું ભાડું. વર્ષે કો. ૭૫ એટલે ૧ દિવસે દો. ૫, કેમકે ૭૫ ÷ ૧૫ = ૫; ૫ દો. × ૨૮ = ૧૪૦ દો. ૨૮ દિવસનું ભાડું. ૧૪૦ દો. = કો. ૫ાા૨; માટે કૂલ કો. ૩૭૫ + કો. ૫ાા૨ = કો. ૩૮૦ાા૨).

ચોથા ધોરણના મુખગણિતના પરચુરણ દાખલા.

૧. કો. ૩૫ા એ મણ તો મ. ૩ શે. ૪ નું શું ? જ. કો. ૧૦૮ાાઝાા.

૨. ૧ ગજની કો. ૭ાાા તો કો. ૮)૧ાાા ના કેટલા ગજ ? જ. ૧ ગજ ૧ તસુ.

૩. કો. ૩ાાા એ ૧ વાર તો દો. ૨ાા નું શું ? જ. ૧ ઇંચ.

૪. કો. ૧૫૨) એ ૧ ખાંડી ખારેક તો કો. ૪૭ાા ની કેટલી ખારેક આવશે ? જ. મ. ૬ા.

(કો. ૧૫૨ ના અર્ધા ૭૬, તેના સવાયા ૯૫, તેના અર્ધા ૪૭ાા. માટે ખાંડી = ૨૦ મણ, તેના અર્ધા ૧૦ મણ, તેના સવાયા ૧૨ાા મણ, તેના અર્ધા ૬ા મણ).

૫. કો. ૯) એ મણ તો મ. ૮, શે. ૭ અને દો. બા. ૫ નું શું ? જ. કો. ૭૩ા૨)૧ બદામ. (૯ × ૮ = ૭૨ કો. + ૯ × ૭ = ૬૩ ત્રાંબીઆ = કો. ૧ા૧ાા. જેટલી કોરીએ મણ તેટલી બદામે ૫ દો. બા; માટે ૯ બદામ બીજી. કો. ૭૨) + કો. ૧ા૧ાા + કો. ૦)૦ાા૧ = કો. ૭૩ા૨)૧.

૬. એક વર્તમાનપત્રનું વર્ષે લવાજમ કો. ૩૩ાા હોય તો ૩ વર્ષ ને ૨ દિવસનું શું ? જ. કો. ૧૦૧ા૪ાા. (૩૩ાા×૩=૧૦૧ કોરી ત્રણ વર્ષની. ૩૩ાા ÷ ૧૫ = ૨ા દોકડા ૧ દિવસના તો ૪ાા દો. ૨ દિવસના, માટે જ. કો. ૧૦૧ા૪ાા).

૭. કો. ૫૫ એ ૧ મણ તો મ. ૪, શે. ૩ અને ૧૬ દો. બા. નું

શું ? જ. કો. ૨૨૭ાા૩ાા. (આ લેખામાં શેરને માટે ૪૮ ના ગુણોત્તરની કુંચી અને ૧૬ દો. ભા. ને માટે ૧૨૦ ના ગુણોત્તરની કુંચી લાગુ પાડવી).

૮. કો. ૨૫) એ ૧ મણ તો કો. ૭૭ા૧ નું શું ? જ. મ. ૩, શે. ૪ અને દો. ભા. ૧૬; (૨૫ × ૩ = ૭૫ કોરીના ૩ મણ, બાકી કો. ૨ા૧ રહી. ૪ શેરની કો. ૨)૨, બાકી રહ્યા દો. ૫; પાંચ દોકડા = ૫૦૦ ફોકડા. કોરીથી ૨૦ ગણે ફોકડે ૧૬ દો. ભાર, માટે ૫૦૦ ફોકડાના ૧૬ દો. ભા.)

૯. કો. ૩ાા૨ાા એ સેંકડો તો કો. ૯ા નું શું ? જ. નંગ ૨૪૦. (કો. ૭ાા૫ ના ૨૦૦ નંગ. બાકી રહી કો. ૧ાા૧ = ૩૭૦૦ ફોકડા; ફો. ૯૨ાા એ ૧ નંગ તો ૩૭૦૦ ÷ ૯૨ાા = ૪૦ નંગ.)

૧૦. કો. ૮૯ એ ૧ તોલો સોનું તો કો. ૧૦૦)૩ નું કેટલું સોનું આવશે ? જ. ૧ તો. ૪ વાલ.

૧૧. કો. ૨ાા= એ ૧ તોલો ચાંદી તો કો. ૬૫ાા૪ા૧ બદામની કેટલી ચાંદી ? જ. ૨૫ તોલા ૨ રતી.

૧૨. કો. ૦ાા એ ૧ ગજ માદરપાટ તો કો. ૨૭)૧)૨ બદામના કેટલા ગજ ? જ. ગજ ૩૬ અને આંગળ ૩.

૧૩. કો. ૪ા એ ૧ ગજ રેશમ તો ૩ ગજ, ૧ તસુનું શું ? જ. કો. ૧૨ાા૪ા.

૧૪. એક માણસને કો. ૬૭ાા નો પગાર હોય તો તેને ૫ દિવસનું શું આપવુ ? જ. કો. ૧૧ા. (૫ દિવસ એ ૧ મહીનાનો છઠ્ઠો ભાગ છે, માટે ૬૭ાા ÷ ૬ = ૧૧ા કો. જવાબ.)

૧૫. ૧ વીઘાની ઉપજ કો. ૨૫) આવે તો ૨ પરાજા અને ૭ વીઘાની ઉપજ કેટલી ? જ. કો. ૧૩૭૫. (૨ પરાજા ૭ વીઘા = ૫૫ વીઘા. ૫૫ × ૨૫ = ૫૫ × ૦। સેંકડો = ૧૩।। સેંકડા = ૧૩૭૫ કોરી).

૧૬. કો. ૬૭)૩ એ ખાંડી તો ૩ ખાંડી ૧ મણનું શું ? જ. કો. ૨૦૪।।૫।।૦।।। બદામ.

૧૭. કો. ૧।। એ ૧ ફૂટ તો કો. ૨૫।। ના કેટલા ફૂટ ? જ. ૧ ફૂ. ૫ ઈંચ.

૧૮. કો. ૪૦।। એ ગદિઆણો સોનું તો કો. ૫)૨।। નું કેટલું સોનું આવશે ? જ. ૨ વાલ.

૧૯. ૨૦૦ કોરીનું વર્ષાસન હોય તો ૬ વર્ષ, ૨ માસ અને ૩ દિવસનું શું આપવું ? જ. કો. ૧૨૩૫.

(૨૦૦ × ૬ = ૧૨૦૦ કોરી, ૬ વર્ષની; માસને માટે ૧૨ ના ગુણોત્તરની કુંચી લાગુ પાડી તો ૨ માસની ૧૬૦૦ પાઇ = કો. ૩૩।૨ અને ૩ દિવસને માટે ૧૨૦ ના ગુણોત્તરની કુંચી લાગુ પાડી, કેમકે ૩ દિવસ એ વર્ષનો ૧૨૦ મો ભાગ છે, માટે કોરીથી ૨૦ ગણે દોકડે ૩ દિવસ, માટે ૪૦૦૦ દોકડા = ૪૦ દોકડા, તેથી જ. કો. ૧૨૩૫).

૨૦. કો. ૩૫ એ મણ હોય તો કો. ૧૫।૨।। નું શું ? જ. શે. ૨૧. (૩૫ × ૦। × ૧।। = ૧૫।૨।। કોરી, તેવીજ રીતે મણના શેર ૪૮; ૪૮ × ૦। × ૧।। = ૨૧ શેર જવાબ).

કચ્છી મુખગણિત,

ધોરણ ૫ મું.

ધોરણઃ—મુખગણિત—ચોથા ધોરણના અભ્યાસ ઉપરાંત નીચલાં ગુણોત્તરોનો ઉપયોગ થાય એવા દાખલાઃ—૮, ૧૦, ૧૬, ૩૨, ૬૪, ૨૪૦, ૨૫૬, અને ૩૨૦.

ગુણાકાર.

